# મોદીના પાકિસ્તાન પર તેજાબી પ્રહાર

## લેહમાં નિમ્મો બાજગો યોજનાનું ઉદ્‌ઘાટન ટ્રાન્સમિશન લાઈનની આધારશીલા : ચાર મોટા હાઈવેની મોદીની જાહેરાત







લેહ-કારગિલ,તા. ૧૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ભારત સામે પ્રોક્સીવોર છેડવાનો પાકિસ્તાન ઉપર સીધો આક્ષેપ કર્યો હતો અને કહ્યું હતું કે, પાકિસ્તાને પરંપરાગત યુદ્ધ લડવાની તાકાત ગુમાવી ચુક્યું છે. સામે લડવાની પાકિસ્તાનની તાકાત નથી. લેહ અને લદાખની તેમની પ્રથમ યાત્રા દરમિયાન સેના અને ભારતીય હવાઈદળના જવાનોને સંબોધતા તેમણે કહ્યું હતું કે, પડોશી દેશે પરંપરાગત યુદ્ધ લડવાની તાકાત ગુમાવી દીધી છે પરંતુ આતંકવાદના પ્રોક્સીવોરમાં તે વ્યસ્ત છે. પાકિસ્તાન દ્વારા વારંવાર યુદ્ધવિરામના ભંગ અંગે ભારતની વધતી જતી ચિંતા વચ્ચે નરેન્દ્ર મોદીએ આ પ્રતિક્રિયા આપી હતી. કાશ્મીરમાં હાલના દિવસોમાં આતંકવાદી ગતિવિધિમાં વધારો થયો છે. મોદીની યાત્રાના દિવસે જ બીએસએફના કાફલા ઉપર હુમલો કરવામાં આવ્યો હતો. તેમણે એમ પણ કહ્યું હતું કે, યુદ્ધ કરતા પાકિસ્તાન તરફથી કરવામાં આવેલા ત્રાસવાદી હુમલાઓમાં વધુ લોકોના મોત થયા છે. આ એક વૈશ્વિક સમસ્યા છે. વિશ્વના તમામ માનવતાવાદી દળોએ એક થઈને લડવાનો સમય છે. સેનાને અતિઆધુનિક અને શસ્ત્રોથી સજ્જ કરવા ભારતીય સેના સજ્જ છે. મોદીએ આજે શ્રેણીબદ્ધ કાર્યક્રમોમાં ભાગ લીધો હતો. માત્ર અઢી મહિનાની અંદર પોતાની બીજી જમ્મુ કાશ્મીરની યાત્રા પર લેહ પહોંચેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ત્રણ-પીનો નારો આપીને લોકોને પ્રબાવિત કરવાના પ્રયાસ કર્યા હતા. મિશન કાશ્મીર પર પહોંચેલા મોદીએ અનેક મુદ્દા પર ખાસ ભાર મુક્યો હતો. મોદીએ વિકાસના ત્રણ પી મોડલની વાત કરતા કહ્યું હતું કે પ્રકાશ, પર્યાવરણ અને પ્રવાસની શક્તિને સમજીને આગળ વધવાની જરૂર છે. મોદીએ અહીં એનએચપીસીના લહે-કારગીલ-શ્રીનગર ટ્રાન્સમિશન પ્રોજેક્ટ લાઈન અને નિમૂ બાજગો વીઝળી યોજનાના ઉદઘાટન કર્યા હતા. મોદીએ કહ્યું હતું કે અહીંની રાષ્ટ્રભક્તિને અમે પ્રણામ કરીએ છીએ. તેમણે કહ્યું હતું કે લેહના લોકોએ જે પ્રેમ આપ્યો છે તેને વિકાસ કરીને તેઓ વ્યાજ સાથે પરત આપશે. તેમણે કહ્યું હતું કે લેહ અન્ય પર આધારિત રહીનો વિઝળીનો ઉપયોગ કરશે. નહી. મોદીએ આ પ્રસંગે ચાર હાઈવે બનાવવાની પણ જાહેરાત કરી હતી. મોદીએ કેસર ક્રાન્તિ અને સૌર ઉર્જા પર ભાર મુક્યો હતો. તેમણે કહ્યું હતું કે જે સ્વપ્ર વાજેપેયીએ જોયા હતા તે હમે પૂર્ણ કરીશુ. લહે પહોંચેલા મોદીએ જવાનો સાથે વાતચીત કરી હતી. સાથે સાથે દેશની સુરક્ષા માટે તેમનો નૈતિક જુસ્સો પણ વધાર્યો હતો. ત્યારબાદ તેઓ મંચ પર પહોંચ્યા હતા તેમની સાથે જમ્મુ કાશ્મીરના મુખ્યપ્રધાન ઓમર અબ્દુલ્લા પણ રહ્યા હતા.

આ ઉપરાંત પીયુષ ગોયલ પણ હતા. જમ્મુ કાશ્મીરની યાત્રાના બાગરૂપે તેઓ કારગીલ અને લડાખ પણ પહોંચ્યા હતા. મોદીએ ૪૪ મેઘાવોટની જળ વીઝળી યોજના અને લેહમાં ૪૫ મેગાવોટની નિમૂ બાજગો જળ યોજના દેશને સમર્પિત કરી હતી. લેહ પ્રોજેક્ટ રાજ્યમાં સિન્ધુ નદીની ક્ષમતાના ઉપયોગ માટે છે. જ્યારે આનાથી ૨૩.૯ કરોડ યુનિટ વીઝળીનુ ઉત્પાદન કરી શકાશે. લોકસભાની ચૂંટણીમાં ભાજપને જમ્મુ અને લડાખમાં જીત મળી હતી. મોદીએ લોકસભાની ચૂંટણીમાં પક્ષને જીત અપાવવા બદલ આભાર માન્યો હતો.

## મહત્વના બિલ પસાર કરવા સંસદ સત્રને લંબાવી શકાય

નવી દિલ્હી,તા. ૧૨

સંસદીય બાબતોના પ્રધાન વેંકૈયા નાયડુએ આજે કહ્યું હતું કે, અતિ મહત્વપૂર્ણ બિલ પસાર કરવા માટે સંસદના સત્રને લંબાવી શકાય છે. તેમણે કહ્યું હતું કે, આ સંદર્ભમાં વાતચીત ચાલી રહી છે. સંસદના સેન્ટ્રલ હોલમાં ભાજપ સંસદીય પાર્ટીની બેઠકને સંબોધતા નાયડુએ કહ્યું હતું કે, સરકાર સંસદમાં મહત્વપૂર્ણ બિલ પસાર કરવા માટે કટિબદ્ધ છે.



વર્તમાન સત્રને લંબાવી શકાય છે. જો કોંગ્રેસ રચનાત્મક વલણ અપનાવશે તો આગળ વધવામાં મદદ મળશે. સરકાર નેશનલ જ્યુડિશિયલ એમ્પોઈન્ટમેન્ટ કમિશન બિલ, જુવેનાઈટ જસ્ટિસ બિલ, એપ્રેન્ટિસ બિલ, કોન્સિટ્યુશન બિલ, વિમા બિલ, સિક્યુરિટી કાયદા સુધારા બિલ, શ્રમ કાયદા સુધારા બિલને પસાર કરવા માટે ઉત્સુક છે. નાયડુએ આ બિલને પસાર કરવાથી દૂર ભાગવાનો કોંગ્રેસ ઉપર આક્ષેપ કર્યો હતો. સંસદીય બાબતોના પ્રધાન ગૃહમાં તેમની ઉપસ્થિતિની ખાતરી કરવા પક્ષના સાંસદોને અપીલ કરી હતી. કારણ કે, બંધારણીય સુધારા બિલને હવે હાથ ધરવામાં આવનાર છે. નાણા મંત્રી અરુણ જેટલીએ જ્યુડિશિયલ સુધારા અંગે બિલ લાવવાની યોજના પાછળ કારણોનો ઉલ્લેખ કર્યો હતો અને કહ્યું હતું કે, આની પાછળ ખુબ સારા હેતુ રહેલા છે. જજની નિમણૂંક અને તેમની બદલીઓમાં પારદર્શકતા લાવવાનું આની પાછળ હેતુ રહેલો છે.

## સદાબહાર રેખા અંતે રાજ્યસભામાં દેખાઈ

નવીદિલ્હી,તા.૧૨

સદાબહાર અભિનેત્રી રેખા આજે રાજ્યસભાની કામગીરીમાં નજરે પડી હતી. બે વર્ષ અગાઉ રાજ્યસભા માટે નિમણૂંક કરવામાં આવ્યા બાદથી માત્ર સાત બેઠકોમાં જ ઉપસ્થિત રહેવા બદલ ટિકા ટિપ્પણીનો સામનો કર્યા બાદ આજે રેખા રાજ્યસભામાં કામગીરી દરમિયાન નજરે પડી હતી. ક્રિમ કલરની સાડીમાં રેખા નજરે પડી હતી. રેખાના ફોટાઓ પાડવા માટે ફોટોગ્રાફરો તુટી પડ્યા હતા. સંસદીય ગૃહ સંકુલમાં પ્રવેશ કરતી વેળા રેખા નમસ્તે શબ્દનો ઉપયોગ કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, ગૃહમાં લાંબા સમયથી ગેરહાજર રહેવા બદલ રેખા અને સચિન તેંડુલકરની હાલમાં વ્યાપક ટિકા થઈ રહી હતી. રેખાએ બે વર્ષ અગાઉ ગૃહ માટે નિમણૂંક કરવામાં આવ્યા બાદથી માત્ર સાત વખત હાજરી આપી છે. ગૃહના સભ્યોએ ગયા સપ્તાહમાં જ કહ્યું હતું કે, સિલિબ્રિટિઓ હાજર નહીં રહીને ગૃહનું અપમાન કરી રહ્યા છે.

**૧૫મી ઓગસ્ટ સુધી ઘટાડો કરાય તેવી શક્યતા**

## પેટ્રોલ કિંમતમાં ફરી ૨.૫૦ સુધીનો ઘટાડો કરવા તૈયારી

નવીદિલ્હી ,તા. ૧૨

પેટ્રોલની કિંમતમાં સ્વતંત્રતા દિવસ સુધી લીટરદીઠ ૨.૫૦નો ઘટાડો કરવામાં આવે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. તાજેતરના મહિનાઓમાં સૌથી મોટો ઘટાડો કરવાની તૈયારી કરી લેવામાં આવી છે. સરકાર અને ઇન્ડસ્ટ્રી સૂત્રોએ આ મુજબની વાત કરી છે. પેટ્રોલની કિંમતમાં ઘટાડાને લઇને અટકળોનો દોર શરૂ થઇ ચુક્યો છે. જો આંતરરાષ્ટ્રીય કિંમતોમાં ઘટાડો જારી રહેશે તો કિંમતમાં ઘટાડો કરવામાં આવી શકે છે. જો ઘટાડો થશે તો સતત બીજી વખત પેટ્રોલની કિંતમમાં ઘટાડો કરવામાં આવશે. કંપનીઓએ પહેલી ઓગસ્ટથી દિલ્હીમાં ફ્યુઅલની કિંમતમાં ૧.૦૯ રૂપિયાનો ઘટાડો કર્યો હતો. હાલમાં પેટ્રોલની કિંમત દિલ્હીમાં લીટરદીઠ ૭૨.૫૧ છે. મહેસુલી નુકસાન સતત વધી રહ્યું છે. આવી સ્થિતિમાં ઘટાડાને લઇને અટકળોનો દોર યથાવતરીતે જારી રહ્યો છે. પેટ્રોલ અને ડિઝલની કિંમતોને ખુબ જ સંવેદનશીલ ગણવામાં આવે છે. કેટલાક રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીઓ પણ ટૂંક સમયમાં યોજાનાર છે. આવી સ્થિતિમાં કિંમતોમાં ફેરફારની સીધી અસર જોવા મળી શકે છે. જમ્મુ કાશ્મીર ઉપરાંત મહારાષ્ટ્ર અને હરિયાણામાં વિધાનસભાની ચૂંટણીની તૈયારીઓ શરૂ થઇ ચુકી છે. ૧૫મી ઓગસ્ટ સુધી ઘટાડો કરવાની ગણતરી ચાલી રહી છે. જો કે, ડિઝલની કિંમતમાં કોઇ ફેરફાર કરાશે કે કેમ તેને લઇને કોઇ સંકેત મળ્યા નથી.

## ધર્મના આધારે સમાજને વિભાજિત કરવા પ્રયાસ : સોનિયા ગાંધીના પ્રહાર

થિરુવનંતપુરમ,તા. ૧૨



કેન્દ્રમાં નરેન્દ્ર મોદી સરકાર ઉપર આકરા પ્રહારો કરતા કોંગ્રેસ પ્રમુખે આજે કહ્યું હતું કે, દેશમાં કોમવાદી હિંસામાં નવી સરકાર આવ્યા બાદથી વધારો થયો છે. લોકોને વિભાજિત કરવાના જાણી જોઈને પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. ધર્મના આધાર પર સમાજને વિભાજિત કરવાનો સોનિયા ગાંધીએ મોદી સરકાર ઉપર આક્ષેપ કર્યો હતો. લોકસભાની ચૂંટણીમાં કારમી હાર બાદ પ્રથમ વખત દિલ્હીની બહાર પક્ષના ફોરમમાં બોલતા ગાંધીએ કહ્યું હતું કે ઉત્તરપ્રદેશ, મહારાષ્ટ્ર અને દેશના અન્ય ભાગોમાં કોમવાદી હિંસાના બનાવોમાં વધારો થયો છે જે ગંભીર ચિંતાની બાબત છે. કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધીએ પણ હાલમાં કહ્યું હતું કે, ઉત્તરપ્રદેશમાં કોમવાદી હિંસા જાણી જોઈને ફેલાવવામાં આવી છે. ગાંધીએ કહ્યુંહતુંકે, ભાજપના નેતૃત્વમાં સરકાર કેન્દ્રમાં સત્તા પર આવ્યાના ૧૧ સપ્તાહ બાદથી દેશમાં કોમી હિંસામાં વધારો થયો છે. કેરળ પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા આયોજિત ખાસ સંમેલનને સંબોધતા સોનિયા ગાંધીએ આ મુજબની વાત કરી હતી. તેમણે ઉમેર્યું હતું કે, ઉત્તરપ્રદેશમાં કોમી હિંસાના ૬૦૦થી વધુ બનાવો બની ચુક્યા છે.

મહારાષ્ટ્રમાં પણ ઘણા બનાવો બની ચુક્યા છે. યુપીએ-૧ અને યુપીએ-૨ દરમિયાન ભાગ્યે જ આવા કોઈ બનાવો બન્યા હતા. ગાંધીએ ગાઝામાં ઈઝરાયેલના હુમલા અંગે પેલેસ્ટિનિયન લોકોની સાથે ઉભા રહેવા અંગે કોઈ વાત કરી ન હતી. લોકસભામાં આ મુદ્દે એક ઠરાવ પસાર કરવા સરકાર ખચકાટ અનુભવ કરી રહી છે. પેલેસ્ટિનિયન લોકોની સાથે હંમેશા રહેવાની પરંપરા રહી છે. ૯મી ઓગસ્ટથી શાંતિ અને કોમી એખલાસ માટે કોંગ્રેસ દ્વારા જુદા જુદા કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. બિનસાંપ્રદાયિકવાદને મજબૂત કરવા આવા વધુ કાર્યક્રમ યોજવા તેઓએ પક્ષના કાર્યકરોને અપીલ કરી હતી.

## સેસેક્સ ૩૬૨ પોઈન્ટ ઉછળી ૨૫૮૮૮ની ઉંચી સપાટી પર

મુંબઈ,તા. ૧૨

શેરબજારમાં આજે સતત બીજા દિવસે તેજીનું મોજુ ફરી વળ્યું હતું. કારોબારના અંતે સેંસેક્સે ૩૬૨ પોઈન્ટનો અથવા તો ૧.૪ ટકાનો ઉછાળો નોંધાવતા સેંસેક્સની સપાટી ૨૫૮૮૮ નોંધાઈ હતી. ૨૬મી જૂન બાદથી એક દિવસનો સૌથી મોટો ઉછાળો નોંધાયો છે. જ્યારે નિફ્ટી ૧૦૧ પોઈન્ટ ઉછળીને ૭૭૨૭ની સપાટીએ રહ્યો હતો. એશિયન બજારમાં આજે મિશ્ર સ્થિતિ રહી હતી. જાપાનના બેંચમાર્ક નિક્કીમાં ૦.૨ ટકાનો ઉછાળો નોંધાતા તેની સપાટી ૧૫૧૬૧ નોંધાઈ હતી. જ્યારે શાંઘાઈ અને સ્ટ્રેટ ટાઈમ્સમાં ૦.૧ ટકાનો ઘઠાડો નોંધાયો હતો. હેંગસેંગમાં ૦.૨ ટકાનો ઉછાળો નોંદાયો હતો. તાતા મોટર્સના શેરમાં ૬ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. વાર્ષિક આધાર પર તાતા મોટર્સના આંકડા ખુબ જ આશાસ્પદ રહેતા તેના શેરમાં સુધારો થયો હતો. જૂન ૨૦૧૪ના પુરા થયેલા ત્રિમાસિક ગાળામાં તાતા મોટર્સનો નેટ નફો ૫૩૯૮ નોંધાયો હતો. નવા પ્રોડક્ટ માટેની માંગણી પણ વધી ગઈ છે. એચડીએફસી ગ્રુપના શેરમાં તેજી નોંધાઈ હતી. સેંસેક્સના અન્ય જે શેરમાં ઉછાળો નોંધાયો હતો તેમાં ઓએનજીસી, સન ફાર્મા, આઈસીઆઈસીઆઈ બેંક, ગેઈલનો સમાવેશ થાય છે. સોફ્ટવેર અને અન્ય કંપનીઓના શેરમાં પણ તેજી રહી હતી. બ્રોડર માર્કેટમાં બીએસઈ મિડકેપ ઈન્ડેક્સમાં ૦.૫ ટકાનો અને સ્મોલકેપમાં ૦.૫ ટકાનો ઉછાળો નોંધાયો હતો. માર્કેટ બ્રીડ્થ મજબૂત રહી હતી. ૧૫૫૮ શેરમાં તેજી અને ૧૩૬૬ શેરમાં મંદી રહી હતી. કારોબારીઓ તીવ્ર તેજીના લીધે ખુશ દેખાયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, શેરબજારમાં છેલ્લા ત્રણ દિવસથી ચાલી રહેલી મંદી ઉપર ગઈકાલે બ્રેક મુકાઈ હતી. વૈશ્વિક બજારોમાં તેજી વચ્ચે શેરબજારમાં પણ તેજી રહી હતી. સેંસેક્સ કારોબારના અંતે ૧૯૦ પોઈન્ટ ઉછળીને ૨૫૫૧૯ની સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૫૭ પોઈન્ટ ઉછળીને ૭૬૨૬ની સપાટીએ રહ્યો હતો. એશિયન બજારમાં પણ તેજી રહી હતી. યુક્રેન અને રશિયા વચ્ચે તંગદિલી હળવી બન્યા બાદ એશિયન બજારમાં તેજી રહી હતી. શેરબજારમાં છેલ્લા બે દિવસના ગાળામાં જ ૫૫૨ પોઈન્ટનો ઉછાળો નોંધાઈ ચુક્યો છે.

## ભાજપની ૪૪થી વધુ બેઠકો જીતવાની વ્યૂહરચના તૈયાર

લેહ-કારગિલ,તા. ૧૨

જમ્મુ કાશ્મીરની તેમની ટૂંકાગાળામાં જ બીજી યાત્રા દરમિયાન મોદીએ આજે અનેક મુદ્દાઓ ઉપર વાત કરી હતી. મોદીની આ યાત્રાને ખુબ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. કારણ કે આવનાર દિવસોમાં જમ્મુ કાશ્મીરમાં વિધાનસભાની ચૂંટણી પણ યોજાનાર છે. જમ્મુ કાશ્મીરમાં વિધાનસભાની ૮૭ બેઠકો છે જે પૈકી જમ્મુ વિસ્તારમાં ૩૭, લડાખ વિસ્તારમાં ચાર અને કાશ્મીર વિસ્તારમાં ૪૬ બેઠકો છે. જમ્મુ કાશ્મીરમાં લોકસભા ચૂંટણીમાં છ પૈકીની ત્રણ બેઠકો મળી હતી. નરેન્દ્ર મોદીનો જાદુ જમ્મુ કાશ્મીરમાં પણ જોવા મળ્યો હતો. વિધાનસભા ચૂંટણી માટે ભાજપે ૪૪ બેઠકો જીતવાની રણનીતિ તૈયાર કરી છે. જમ્મુ કાશ્મીરમાં ભાજપની બેઠકોને વધારવાની નીતિ પણ તૈયાર થઈ રહી છે. વડાપ્રધાનની આ યાત્રાને મતદારોને પ્રભાવિત કરવાની વ્યૂહરચના તરીકે પણ જોવામાં આવે છે. આજે મોદીએ કેટલીક યોજના જાહેર કરી હતી.

## સમાચાર ઝલક

- ઈરાકમાં રાક્ષસી કૃત્ય. ૫૦૦ની હત્યા મહિલા બાળકોને જીવતા દફનાવાયા.
- પૂર્વ વિદેશમંત્રીશ્રી જસવંતસિંહની હાલત હજુ પણ અત્યંત નાજુક.
- ગુજરાતમાં પોલીસ તથા તલાટીની હજ્જારો જગ્યાઓ ટૂંકમાં ભરાશે.
- દેશમાં ૪૨૫૦ ન્યાયમુર્તિઓની જગ્યા ભરવા સરકારની કાર્યવાહી.
- જીનાલયોના ૧૦૦ મીટર વિસ્તારમાં માંસાહાર પર પ્રતિબંધ મુકો. જૈનોની ઝુંબેશ.
- સરકારના મંત્રાલયોને એક બીજા સામે અદાલત કેસ દાખલ નહીં કરવા ખાસ સુચના.
- વઢવાણ સજ્જડ બંધ. મુસ્લિમ સમાજ વિરૂદ્ધ વોટસઅપની ટીકાના વિરોધમાં.
- રાજયની તમામ પ્રાથમિક શાળામાં બાયોમેટ્રીક સિસ્ટમ ચાલુ કરાશે.
- દોઢ માસમાં સરકાર મોટા પ્રોજેકટો જાહેર કરશે તેવો અણસાર.
- કોંગ્રેસમાં નાણાંકીય કટોકટી લોકસભાની ચૂંટણીમાં ભારે ખર્ચ થવાથી મુશ્કેલી સર્જાઈ.
- લાલકિલ્લા પરથી ધ્વજવંદન થયા બાદ રાજયોમાં સ્વાતંત્ર્યપર્વની ઉજવણી શરૂ થશે.
- હવામાન શાસ્ત્રીની આગાહી, સપ્ટેમ્બર સુધી વરસાદ આવશે. શિયાળો મોડો શરૂ થશે.
- દંપતિ વચ્ચે વૈચારિક મનભેદ એ ક્રુરતા કે હેરાનગતિ ન ગણાય - મુંબઈ હાઈકોર્ટ.
- અમેરિકામાં વિદ્યાર્થીની ઉપર બળાત્કાર કરનારને ફાંસી.
- લોકો ન્યાયતંત્રની છબી બગાડી રહ્યા છે. સુપ્રીમચીફ જજ.
- કિડનીના ટ્રાન્સપ્લાન્ટ માટે પાસપોર્ટ સિવાય અન્ય પુરાવા માન્ય રહેશે.

## રાહુલ સાઇડલાઇન : કોંગીમાં હવે સિનિયર લીડરોની ચાલશે

નવી દિલ્હી,તા. ૧૨


લોકસભાની ચૂંટણીમાં કારમી હાર થયા બાદ હવે કોંગ્રેસે નવી વ્યુહરચના પર આગળ વધવાની તૈયારી કરી છે. પ્રાપ્ત અહેવાલ મુજબ કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ પુત્ર રાહુલ ગાંધીને પગલા પરત ખેંચવાના સંકેત સાથે વરિષ્ઠ નેતાઓને સંગઠન પર તેમના અસરનો ઉપયોગ કરવાની મંજૂરી આપી દીધી છે. હાલમાં યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં પક્ષની હાર થયા બાદ કેટલાક વરિષ્ઠ નેતાઓએ કહ્યું હતું કે પાર્ટીના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધીની સંગઠનમાં મોટા પાયે ફેરફાર કરવાની અને સ્વચ્છ પ્રતિષ્ઠા ધરાવનાર સભ્યોને મોટી જવાબદારી સોંપવાના કારણે કોંગ્રેસની હાર થઈ હતી. હવે સોનિયા ગાંધીએ પક્ષના સિનિયર નેતાઓને તેમના પ્રભુત્વનો સંગઠન પર ઉપયોગ કરવાની મંજૂરી આપી છે. એનો મતલબ એ થયો કે કોંગ્રેસમાં સિનિયર નેતાઓની પણ હવે ચાલશે. હરિયાણા, મહારાષ્ટ્ર, ઝારખંડ અને અન્ય રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી ટુંક સમયમાં યોજાનાર છે. આવી સ્થિતીમાં પાર્ટીની સ્થિતિમાં સુધારો કરવાની આશા રહેલી છે. હરિયાણામાં કોંગ્રેસ શાસનમાં છે. મહારાષ્ટ્રમાં એનસપીની સાથે મવીને કોંગ્રેસ સત્તામાં છે. ઝારખંડમાં પણ પાર્ટી ગઠબંધની સાથે સત્તામાં છે. કોંગ્રેસમાં પ્રિયંકા ગાંધીને સત્તાવાર રીતે સામેલ કરવાની માંગ થઈ રહી છે. ગાંધી પરિવારની નજીક રહેલા લોકો દ્વારા રાહુલ ગાંધીને દુર કરવાની માંગ થઈ રહી છે. રાહુલની અસર નબળી રહી હોવાની વ્યાપક ચર્ચા જોવા મળી રહી છે. જેથી સોનિયા ગાંધી હવે નવા પ્રયોગ કરવા માટે આશાવાદી છે. મહારાષ્ટ્રમાં મુખ્યપ્રદાન પૃથ્વીરાજને પાર્ટીની જવાબદારી સંભાળવા માટે કહેવામાં આવ્યું છે. લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસને હરિયાણામાં કારમી હારનો સામનો કરવો પડ્યો હતો. જેથી વિધાનસભાની ચૂંટણીમાં તેની પાસે સારા દેખાવની અપેક્ષા દેખાઈ રહી નથી.

## ઓરિસ્સામાં ૨૯૪ ગામોમાં રહેતા લાખો લોકો હજુ પણ મુશ્કેલીમાં

પુરી,તા. ૧૨

ઓરિસ્સામાંપુરની સ્થિતિ હળવી બની ચુકી છે. તમામ નદીઓમાં પાણીની સપાટી ભયજનક સ્તરથી નીચે પહોંચી ચુકી છેછતાંઓરિસ્સામાં ૨૯૪ ગામોમાં રહેતા લાખો લોકો હજુ પણ મુશ્કેલીમાં છે. છેલ્લા બે ત્રણ દિવસથી બિલકુલ વરસાદ થયો નથી પરંતુ ૨૯૪ ગામો પુરના પાણીમાં ફસાયેલા છે. સ્કૂલો અને ઉંચી ઈમારતોમાં અસરગ્રસ્ત લોકોને રાખવામાં આવ્યા છે. ૧૦૦ મફત રસોડામાં ૮૬૦૦૦ લોકોનું મફતમાં ભોજનની વ્યવસ્થા કરવામાં આવી છે. બીજી બાજુ ઓરિસ્સામાં પુરનો આંકડો વધીને ૪૫ ઉપર પહોંચી ગયો છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં બચાવ અને રાહત કામગીરી ચાલી રહી છે. ૩૦૦૦૦ મકાનો સંપૂર્ણપણે નાશ પામ્યા છે. ૩.૪ મિલિયન હેક્ટર વિસ્તારમાં પાક ભૂમિને નુકસાન થયું છે.

પુરના કારણે ૩૫ લાખ લોકોને માઠી અસર થઈ છે. ઓરિસ્સામાં કુલ



૨૩ જિલ્લામાં પુર અને ભારે વરસાદના કારણે અસર થઈ છે. ઓરિસ્સમાં મોટી કટોકટી પ્રવર્તી રહી છે. રાજ્યમાં ૫૩૦૦ ગામોને અસર થઈ છે જે પૈકી ૪૬૦ હજુ પાણી હેઠળ છે. પુર અને વરસાદના કારણે ૩૨૨૧૬૩ હેક્ટર કૃષિ જમીનને માઠી અસર થઈ છે. સરકારે કહ્યું છે કે અસરગ્રસ્ત વિસ્તારોમાં રાજ્ય અને નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સની ૪૦-૪૦ ટીમો મોકલવામાં આવી છે. ૧૦૦ મેડિકલ ટીમ પણ સક્રિય કરવામાં આવી છે. રાજ્યની મોટા ભાગની નદીઓમાં પાણીની સપાટી હવે ભયજનક સ્તરતી નીચે આવી જતા સ્થિતીમાં સુધારો થયો છે. જો કે હજારો લોકો હજુ પણ રાહત કેમ્પમાં રહે છે. કારણ કે તેમના મકાનો પાણીમાં ડુબી ગયા છે અથવા તો તેમના મકાનો પુરના કારણે નાશ પામ્યા છે. રાજ્યના ૩૦ જિલ્લાઓ પૈકી ૨૩ જિલ્લામાં પુરની સ્થિતી ઉભી થઈ છે. કટક, જાજપુર, કેન્દ્રપાડા, ભાદરક અને પુરી જિલ્લામાં પુરગ્રસ્ત વિસ્તારોનુ હવાઈ નિરીક્ષણ કરી ચુકેલા મુખ્યપ્રધાન નવીન પટનાઈકે કહ્યું છે કે સ્થિતીમાં ઉલ્લેખનીય સુધારો થયો છે. ઓરિસ્સામાં પુરની સ્થિતિમાં દિન પ્રતિદિન સુધારો થઈ રહ્યો છે.